**સેશન્સ કેસ નંબરઃ– ૫૧/૨૦૧૮**

**આંક –૮૫**

| સેશન્સ કેસ નંબરઃ– ૫૧/૨૦૧૮ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 09 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | મહેન્દ્રસિંહ મનુભા ઝાલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9586335527 |
| ઉંમર આશરે | ૫૦ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | થરા તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી. કંસારા |

(૧) હું ચાર ધોરણ પાસ છું. મને ગુજરાતી લખતા વાંચતા આવડે છે. હું થરા થી દિયોદર ખેત મજુરી કરવા જતો હતો. ત્યારે પોલીસે રસ્તામાં એક કાગળ ઉપર સહી લીધેલી હતી. તે કાગળ લખેલુ હતુ કે કોરુ તેની મને ખબર નથી. પોલીસે મને કોઈ આરોપીઓ બતાવેલ નથી. હું કોઈ વિપુલસિંહ કાળુભા વાઘેલા, યુવરાજસિંહ નંદુભા વાઘેલા, પ્રવિણસિંહ વનરાજસિંહ ઝાલા, કાનુભા હિરુભા વાઘેલા, લાલભા વનરાજસિંહ ઝાલા, મનુભા રઘુભા વાઘેલા, ગુણવંતસિંહ રઘુભા વાઘેલાનાઓને ઓળખતો નથી કે મે કયારે જોયેલા નથી. આ લોકોએ મારી હાજરીમાં કોઈ હથિયારો રજુ કરેલા હોય તેવુ બનેલુ નથી. પોલીસે મારી સહી લીધા પછી આ સહી શા બાબતની લીધેલ તેની કોઈ સમજ કરેલ નથી. મે પંચનામામાં રહેવા માટે સ્વખુશી બતાવેલી ન હતી. પંચનામા વિશે હું કંઈ જાણતો નથી. મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી.

મને માર્ક:૮/૭વાળું મુદામાલ રીકવરીનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૮૬</u>** આપવામાં આવે છે.

**<u>હોસ્ટાઈલ</u>**

સાહેદની સહી............................

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, તા.૨૫/૧૨/૧૭ના ૨૧ કલાક થી ૨૨ કલાક સુધી પોલીસે અમો પંચને થરા પો.સ્ટે. બોલાવેલા અને ત્યાં અમારી હાજરીમાં વિપુલસિંહ કાળુભા વાઘેલા, યુવરાજસિંહ નંદુભા વાઘેલા, પ્રવિણસિંહ વનરાજસિંહ ઝાલા, કાનુભા હિરુભા વાઘેલા, લાલભા વનરાજસિંહ ઝાલા, મનુભા રઘુભા વાઘેલા, ગુણવંતસિંહ રઘુભા વાઘેલા વિગેરેનાઓએ અમારી હાજરીમાં લાકડીઓ તથા લોખંડની પાઈપો અને તલવાર રજુ કરેલી.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ નહી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.ડી.જે.તિવારી..</u>**

(૨) ઉલટતપાસ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૬/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................